**Extra No. 74**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  FRIDAY, MARCH 13, 2026 / PHALGUNA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાએ, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

**THE GUJARAT PREVENTION AND CONTROL OF TRAFFIC NUISANCES BILL, 2026.**

**GUJARAT BILL NO. 13 OF 2026.**

***A BILL***

*to provide for strict implementation of provisions relating to traffic in city areas of the State and to provide for certain measure for the prevention and control of traffic nuisances and matters related thereto.*

**ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૨૬.**

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩.**

રાજ્યના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઈઓના ચુસ્ત અમલીકરણ માટેની જોગવાઇ કરવા તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**અવિચારી અથવા બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બાબત.** ૨. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે કોઈ વ્યક્તિ, કોઈપણ જાહેર સ્થળે, નીચે જણાવેલા ગુના પૈકીનો કોઈપણ ગુનો કરે, તે, દોષિત ઠર્યેથી, ઓછામાં ઓછા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા વધુમાં વધુ પંદર દિવસની કોઈપણ પ્રકારની કેદની શિક્ષાને પાત્ર થશે:

પરંતુ અવિચારી અથવા બેદરકારીપૂર્વક વાહન ચલાવવાના કિસ્સામાં, યોગ્ય સત્તાધિકારી પોતે ઉચિત ગણે તેટલી મુદત માટે ડ્રાઈવિંગ લાઈસન્સ રદ કરી શકશે.

(૧) જે કોઈપણ વ્યક્તિ, અવિચારી અથવા બેદરકારીપૂર્વક, કોઈપણ વાહન ચલાવે અથવા તેમાં સવારી કરે અથવા તેને ધકેલે;

(૨) જે કોઈપણ વ્યક્તિ, વાહન ચલાવવામાં બેદરકારી અથવા ઉપેક્ષા દાખવીને, રાહદારીઓ અથવા બીજી વ્યક્તિઓને કોઈપણ નુક્સાન પહોંચાડે અથવા તેમના માટે અડચણ પેદા કરે;

(૩) જે કોઈપણ વ્યક્તિ, કોઈ વાજબી કારણ સિવાય અને કોઈ વ્યક્તિ માટે જોખમ અથવા અડચણ ઊભું કરવાના હેતુથી, રસ્તાની નજીક અથવા રસ્તાની ડાબી બાજુ સિવાય, કોઈ વાહન ચલાવે, વાહન ખેંચીને લઈ જાય અથવા તેને ધકેલે;

(૪) કોઈપણ વાહનનો હવાલો ધરાવનાર કોઈ વ્યક્તિ, રસ્તાની નજીક અથવા રસ્તાની ડાબી બાજુ સિવાય, કોઈ વાહનને છોડીને જાય;

(૫) જે કોઈપણ વ્યક્તિ, અવરોધ ઊભો કરવાના હેતુથી, માલ ચઢાવવા અથવા ઉતારવા માટે જરૂરી હોય તેટલા સમયથી વધુ સમય માટે, તે હેતુ માટે નક્કી કરેલા સ્થળો સિવાયના સ્થળોએ, કોઈ વાહન રહેવા દે અથવા ઊભું રાખે અથવા કોઈ સાર્વજનિક રસ્તાના મુક્ત અવરજવરના માર્ગ પર બીજી કોઈપણ રીતે ઈરાદાપૂર્વક અવરોધ ઊભો કરે અથવા અવરોધ ઊભો કરાવડાવે;

(૬) જે કોઈપણ વ્યક્તિ, પીધેલી હાલતમાં અને પોતાની જાતની તથા પોતે જે વાહન ચલાવતી હોય તે વાહનની સંભાળ લેવા માટે અસમર્થ જણાય અથવા કોઈ હુલ્લડખોર, અવ્યવસ્થિત અથવા અસભ્ય વર્તણૂક માટે કસૂરવાર જણાય.

**સ્પષ્ટીકરણ.**- આ કલમમાં, ‘‘જાહેર સ્થળ’’ એટલે સાર્વજનિક રસ્તો હોય કે ન હોય, તેવા રસ્તા, શેરી અથવા માર્ગ સહિતનું કોઈ સ્થળ અને જાહેર જનતાને જ્યાં પ્રવેશ આપવામાં આવતો હોય તેવું કોઈ ઉતરાણ સ્થળ અથવા જાહેર જનતાને જેનો ઉપયોગ કરવાનો અધિકાર હોય અથવા જેના પરથી પસાર થવાનો અધિકાર હોય તેવું કોઈ સ્થળ.

**ગુનો થયો હોવાનું જણાયે વોરન્ટ સિવાય ધરપકડ કરવા બાબત.** ૩. (૧) કોઈપણ પોલીસ અધિકારી, પોતાના અભિપ્રાય પ્રમાણે, આ અધિનિયમથી શિક્ષાપાત્ર ગણવામાં આવ્યો હોય તેવો કોઈ ગુનો કરતી કોઈપણ વ્યક્તિની, વોરન્ટ સિવાય ધરપકડ કરી શકશે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની જોગવાઈઓ, કરવામાં આવેલી કોઇ ધરપકડ અને લેવામાં આવેલા બોન્ડને એવી રીતે લાગુ પડશે જાણે કે કરવામાં આવેલી ધરપકડ અને લેવામાં આવેલ બોન્ડ સદરહુ સંહિતા હેઠળ કરવામાં અને લેવામાં આવેલ હોય.

**ખાસ કોર્ટ મુકરર કરવા બાબત.** ૪. રાજ્ય સરકાર, ટ્રાફિક ઉપદ્રવના સંદર્ભમાં ઈચ્છિત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, આ અધિનિયમ હેઠળના કેસોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા માટે, કોઈપણ વિદ્યમાન કોર્ટને ખાસ કોર્ટ તરીકે મુકરર કરી શકશે.

## ઉદ્દેશો અને કારણો

તાજેતરના ભૂતકાળમાં, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં અને શહેરોમાં, ‘‘ધૂમ’’ પ્રકારે બેદરકારીપૂર્વક વાહન ચલાવીને, રસ્તા પરથી પસાર થતા નાગરિકોને નુકસાન પહોંચાડવાની અને તેમના માટે અડચણ ઊભી કરવાની ઘણી ઘટનાઓ બનેલ છે. લોકો દ્વારા ટ્રાફિકના વિનિયમોનું પાલન કરવામાં આવતું નથી, જેને કારણે હાડમારી ઊભી થાય છે અને કેટલીક વખત તે જીવલેણ (પ્રાણઘાતક) સાબિત થાય છે અને જાનહાનિમાં પણ પરિણમે છે.

વાહનોના ગેરકાયદે પાર્કિંગના કિસ્સા પણ બને છે, જેને કારણે નાગરિકો માટે અડચણ ઊભી થાય છે.

યોગ્ય પગલાં લેવાના અને દોષિત વ્યક્તિને શિક્ષા કરવાના હેતુ માટે પણ, આ વિષયના સંદર્ભમાં કાયદો ઘડવાનું અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ સત્તાધિકારીને આપવામાં આવેલી સત્તા ઉપરાંત બીજી કેટલીક સત્તા આપવાનું જરૂરી જણાયું છે.

તેથી, આ વિધેયક.

**તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬** **ઈમરાન ખેડાવાલા,**
**ગાંધીનગર.** **વિ.સ.સ.**

**ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬** **ઈમરાન ખેડાવાલા,**
**ગાંધીનગર.** **વિ.સ.સ.**

**તારીખ: ૧૩મી માર્ચ, ૨૦૨૬** **ચેતન પંડ્યા,**
**ગાંધીનગર.** **સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

----------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.03.14 08:33:40 IST